Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

卐

# Shri Atmanand Prakash


પુસ્તક ૫૧ મું. | આત્મ સં. ૫૮ | સંવત ૨૦૧૦.

અંક ૬ ઠ્ઠો | પ્રકાશન તા. ૧૫-૧-૫૪ | પોષ.


☆

Edited by

Shri Jain Atmanand Sabha

Bhavnagar

વાર્ષિક લવાજમ રૂ. ૩-૦-૦ પોસ્ટેજ સહિત.


પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા.


૧ આદીશ્વર ભગવાનનું સ્તવન ... ... ... ( લે. મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી ) ૮૧
૨ ચૌદમા શ્રી શિવગતિ જિનસ્તવન–સાર્થ... ... ( લે. ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ ) ૮૨
૩ સાતમા શ્રી સુપાર્શ્વજિન સ્તવન–સાર્થ... ... ( લે. પં. શ્રી રામવિજયજી ગણિવર્ય ) ૮૪
૪ સંસાર દાવાનલ સ્તુતિ ... ... ...( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. ) ૮૭
૫ મતિવિભ્રમ ... ... ... ... ( લે. પૂ. મહારાજશ્રી મહાપ્રભવિજયજી ) ૯૦
૬ અભિનવજિનસ્તવન ... ...( લે. પ્રો. જયંતીલાલ ભાઇશંકર દવે એમ. એ ) ૯૧
૭ વર્તમાન–સમાચાર ... ... ... ... ... ... ...( સભા ) ૯૩–૯૬
૮ ઇંગ્રેજી પત્રોના અનુવાદ પૂ૦ પુણ્યવિજયજી મ૦ ઉપરના ઇંગ્રજ વિદ્વાનોના પત્ર ( સભા ) ૯૪
૯ સ્વીકાર–સમાલોચના ... ... ... ... ... ... ( સભા ) ૯૬
૧૦ આ સભાનો ૫૭ મા વર્ષનો રિપોર્ટ ... ... ... ... ... પાછળ જોડેલ છે.


---

### નમ્ર સૂચના.

આત્માનંદ પ્રકાશ માટે લેખકોએ મોકલેલ ઘણી કવિતાઓ અમારી પાસે પડી છે, તેથી કોઇ પણ લેખકે કવિતાઓ હાલ મોકલવી નહિ; કેટલીક કવિતાઓ તથા લેખો મેળ વગરના નિરસ આવે છે, તેવા દાખલ કરવામાં આવતા નથી, તેમજ કઇ કવિતા કે લેખ લેવો અને કયો ન લેવો તે તંત્રી મંડલ નિર્ણય કરે છે. તેમજ લેખ કે કવિતા પાછી ગોકલવામાં આવતી નથી. તંત્રી મંડલ

( શ્રી આત્માનંદ પ્રકાશ )

---

### " શ્રી આત્માનંદ પ્રકાશ માસિક "

સને ૧૯૫૪ ની શાલના દરમાસશની તા. ૧૫ મીએ બાર માસ માટે પ્રગટ થશે.

---

### નમ્ર સૂચના.

અમારા માનવંતા સભાસદો અને ગ્રાહકોને નમ્ર સુચના છે કે આ અંક સાથે ગયા વર્ષ ૫૭ મા વર્ષનો રિપોર્ટ દાખલ કરેલ છે તે વાંચી જવા ભલામણ છે. તંત્રી મંડલ.

---


**તૈયાર છે. અનેકાન્તવાદ અંગ્રેજી ભાષામાં જલદી મંગાવો**

લેખકઃ–હરિસત્ય ભટ્ટાચાર્ય એમ. એ.

ઉપરોક્ત ગ્રંથ ઉંચા પેપર, અંગ્રેજી સુંદર ટાઇપ તેમજ પાકા બાઇડીંગ સાથે તૈયાર છે. કિંમત રૂા. ૨–૦–૦ પોસ્ટેજ જુદું.

શ્રી સસ્તુ સાહિત્ય કમીટી

અંતર્ગત શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

**૧ શ્રી કલ્પસૂત્ર ( બારસો ) મૂળ પાઠ.**

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત પ્રથમ શ્રાવક ભીમસિંહ માણેકે છપાવેલ તે મળતો નહોતો, જેની માત્ર પચીશ કોપી અમારી પાસે રહેલ છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા. નમ્ર સુચના છે. કિં. રૂા. ૩–૦–૦ પોસ્ટેજ જુદું.


ટા. પા. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વડોદરા શહેરમાં શ્રી ચતુર્વિધ સંઘ તરફથી પદવી-પ્રદાન માટે થયેલ અપૂર્વ સમારંભ.

વિદ્વદ્રત્ન સાક્ષરશિરોમણિ,



મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ.

ગયા માગશર શુદ ૩ બુધવારના રોજ સવારના દશ વાગે વડોદરા જાની શેરીમાં આવેલ જૈન ઉપાશ્રય ચતુર્વિધ શ્રી સંઘ, મહેમાનો, બ્હેનો, બંધુઓ વગેરેથી ભરાઇ ગયો હતો, જે વખતે આચાર્યદેવ શ્રી **માણિક્યસાગરસૂરીશ્વરજી**ના અધ્યક્ષસ્થાને પ્રથમ મુનિરાજશ્રી **રમણિકવિજયજી** મહારાજ તથા શ્રી **ચંદનવિજયજી** મહારાજને પંન્યાસ પદવીની પ્રદાનવિધિ શાંતિપૂર્વક થઇ હતી. ત્યારપછી વૈદ્ય વાડીલાલભાઈએ પ્રસંગાનુસાર વિવેચન કર્યા બાદ વિદ્વદ્વર્ય સાક્ષરરત્ન કૃપાળુ શ્રી **પુણ્યવિજયજી** મહારાજને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

"આગમપ્રભાકર"ના પદથી વિભૂષિત કરવા, શ્રી સંઘને અનુરોધ કરી આ પ્રસ્તાવ ચતુર્વિધ સંઘને વધાવી લેવા વિનંતિ કરી હતી. ત્યારબાદ પ્રોફેસર શ્રીયુત ભોગીલાલભાઈ સાંડેસરાએ વિદ્વદ્વર્ય મુનિરાજશ્રીની અદ્યતન સંશોધન-દૃષ્ટિ તથા અપાર વિદ્વત્તાનો સુંદર પરિચય કરાવ્યો હતો. પંડિત શ્રી બેચરદાસે જૈન દર્શન, જૈન સાહિત્ય, જૈન પુરાતત્ત્વ અને તત્ત્વજ્ઞાનની મૌલિક દૃષ્ટિ વગેરે માટે વર્ણન કરી કૃપાળુ પુણ્યવિજયજી મહારાજને **આગમપ્રભાકર**નું માનવંતું પદ આપી ઋણ અદા કરવા જણાવ્યું હતું. શ્રી સંઘે આ ઉત્તમ કાર્યને વધાવી લેવા સાથે બંને પંન્યાસ પદવીધર મુનિરાજોને કામળી ઓઢાડી હતી. તેમજ નૂતન પંન્યાસો તથા મુનિપુંગવ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીને જુદા જુદા અનેક ભાવિકોએ પણ કામળી ઓઢાડી હતી. કૃપાળુ ગુરુદેવ શ્રી પુણ્ય-વિજયજી મહારાજે પોતાની પદવી માટે અનિચ્છા દર્શાવી છતાં, શ્રી ચતુર્વિધ સંઘની તીવ્ર ઈચ્છાને તેઓ નકારી શક્યા નહોતા. વડોદરા શ્રી સંઘ તે માટે માન ખાટી ગયેલ છે તે માટે ધન્યવાદ આપીએ છીએ. અને છેવટે જય બોલાવી મેળાવડો વિસર્જન થયો હતો.

જૈન પત્ર દ્વારા આ માંગલિક સમાચાર જાણવામાં આવતા આ સભાને અપૂર્વ આનંદ થયો હતો, ત્યારબાદ શ્રી વડોદરા સંઘ અને કૃપાળુ ગુરુદેવ શ્રી પુણ્યવિજયજી મહારાજશ્રીને આ સભા તરફથી થયેલ હર્ષ માટે તાર તથા કાગળો મોકલવામાં આવ્યા હતા. આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે કે-કૃપાળુ મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજ સુખશાતાપૂર્વક દીર્ઘાયુષી થઈ અનેક જૈન શાસ્ત્રભંડારો, આગમો વગેરેનો ઉદ્ધાર કરે. કૃપાળુ પુણ્યવિજયજી મહારાજશ્રીનું જૈન શાસ્ત્ર સંશોધનનું આ મહાન કાર્ય અને આ પદવી ભારતના જૈન સંઘના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

સેવક,

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૮૦. પુસ્તક ૫૧ મું.

પોષ–જાન્યુઆરી

વિક્રમ સં. ૨૦૧૦. અંક ૬ ઠ્ઠો.


ભાવનગરના મુખ્ય દહેરાસરના મૂળનાયક

## શ્રી આદીશ્વર ભગવાનનું સ્તવન.

( રાગ–વીર તારું નામ પ્યારું લાગે હો શ્યામ )

ભાવનગરના મુખ્ય દેરામાં, મૂળનાયક જિનરાજ રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૧)

સિદ્ધગિરિ સમ અદ્ભુત મૂર્તિ, દેખત દુઃખ દૂર જાય રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૨)

ચોત્રીશ અતિશય પાંત્રીશ વાણી, આઠ સોહે પ્રતિહાર રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૩)

બન્ને બાજુએ સહસ્રફણા, પાર્શ્વનાથ જયકાર રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૪)

સાથે દહેરાસર શાંતિ અભિનંદન, વંદને ભવ તરાય રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૫)

જમણી બાજુએ અજિતજિનજી, દહેરું દીપે મનોહાર રે;<br>
આદિનાથ પાર ઉતારજો. (૬)

નેમિ લાવણ્ય કલ્યાણ કહે છે, તારો મુને તારણહાર રે;<br>
આદિનાથ પાર ઉતારજો.<br>
ભાવનગરના મુખ્ય દેરામાં. (૭)

—મુનિશ્રી કલ્યાણપ્રભવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રીમદ્ દેવચંદ્રજીકૃત અતીત ચોવીશી મધ્યે
# ચૌદમા શ્રી શિવગતિ જિન સ્તવન–સાર્થ

**( સં. ડૉકટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )**

**શિવગતિ જિનવર દેવ,**
**સેવ આ દોહિલી હો લાલ–સેવ૦**
**પરપરિણતિ પરિત્યાગ;**
**કરે તસુ સોહેલી હો લાલ–કરે૦**
**આશ્રવ સર્વ નિવારી,**
**જેહ સંવર વરે હો લાલ–જેહ૦**
**જે જિન આણાલીન,**
**પીન સેવન કરે હો લાલ–પીન૦ ॥ ૧ ॥**

**સ્પષ્ટાર્થ:**—શિવગતિ નામા ચૌદમા તીર્થંકરની સેવા અતિ દોહિલી છે. અમો સંસારી જીવ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગની ચપલતા- વશે જે જે માર્ગે ચાલીએ છીએ તે અશિવ માર્ગ છે એટલે કલ્યાણકારી માર્ગ નથી. જે અશિવ માર્ગે પ્રવર્તે તે વંછિત સુખ પામે નહીં અને દુઃખી રહે પણ જેને શિવગતિ કહેતાં શિવ ચાલ છે એવા જિનવર દેવની આજ્ઞા સેવવી તે પરમ દુર્લભ છે, પણ પરપરિણતિ- ને જે રૂડી રીતે ત્યાગે–દૂર કરે, તેને તે સેવા સુલભ છે. જે જીવ સત્તાવન પ્રકારે અથવા તો અનેક પ્રકારે આશ્રવ તજી સંવરવંત થાય તે જ પુરુષ જિનઆજ્ઞામાં પરમ લીન થઈ પુષ્ટપણે જિનઆજ્ઞા સેવે. ( ૧ )

**વીતરાગ ગુણ રાગ,**
**ભક્તિ રુચી નૈગમે હો લાલ–ભ૦**
**યથાપ્રવૃત્તિ ભવ્ય જીવ;**
**નય સંગ્રહ રમે હો લાલ–નય૦**
**અમૃતક્રિયા વિધિયુક્ત,**
**વચન આચારથી હો લાલ–વચન૦**
**મોક્ષાર્થી જિનભક્તિ,**
**કરે વ્યવહારથી હો લાલ–કરે૦ ॥ ૨ ॥**

**સ્પષ્ટાર્થ:**—મોક્ષાર્થી જીવ જિનભક્તિ તથા સાધન વ્યવહાર સાત નયવડે કરે છે તે નીચે મુજબ.

( ૧ ) વીતરાગના ગુણોનો રાગ અને વીતરાગની આજ્ઞા સેવવાની રુચિ તે નૈગમ નયે ભક્તિ.

( ૨ ) જ્યારે ભવ્ય જીવ છેલ્લું યથાપ્રવૃત્તિકરણ કરે ત્યારે સંગ્રહ નયે ભક્તિ ગણાય. એ કરણમાં સત્તાપણે જિનપ્રરૂપિત તત્વનો અભિલાષી જીવ છે.

( ૩ ) જિનવચનમાં જે આચાર ક્રિયા અનુષ્ઠાન સેવવાનું કહ્યું તે વિષ, ગરલ અને અન્યોન્ય અનુષ્ઠાન ત્યાગી મોક્ષાર્થી જીવ ભેદજ્ઞાનાદિ શ્રુત વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથા, તથા વિનય વૈયાવચ્ચાદિ આત્મ શુદ્ધતાને તદ્હેતુ ક્રિયા અને શુકલધ્યાનરૂપ અમૃત ક્રિયાવિધિને સેવે તે વ્યવહાર નયે ભકિત ગણાય. ( ૨ )

**ગુણ પ્રાગભાવી કાર્ય,**
**તણે કારણપણે હો લાલ–તણે૦**
**રત્નત્રયી પરિણામ,**
**તે રૂજુસૂત્રે ભણે હો લાલ–તે રૂજુ૦**
**જે ગુણ પ્રગટ થયો,**
**નિજ કારજ કરે હો લાલ–કે નિજ૦**
**સાધક ભાવે યુક્ત,**
**શબ્દનયે તે ધરે હો લાલ૦ ॥ ૩ ॥**

**સ્પષ્ટાર્થ:**–( ૪ ) જ્ઞાનાદિ અનંત આત્મગુણો શુદ્ધ પ્રગટ કરવારૂપ કાર્યનો પરિણામ થયો તે મુખ્ય શુદ્ધ જ્ઞાન–દર્શન ચરણાદિના પરિણામ કરે તે રૂજુસૂત્ર નયે ભક્તિ ગણાય.

( ૫ ) જ્ઞાનાદિક શુદ્ધાત્મ ગુણ જે જે અંશે પ્રગટ થઇ આપ આપણું કાર્ય શુદ્ધ પ્રગટપણે કરવા લાગે અને સર્વ ગુણો પૂર્ણ પ્રગટ કરવાનો સાધક- ભાવ આદરે તે શબ્દ નયે સેવાભક્તિ ગણાય. ( ૩ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતે ગુણ પર્યાય,
પ્રગટપણે કાર્યતા હો લાલ-પ્રગટ૦
ઉણ થાએ જાવ,
તાવ સમભિરૂઢતા હો લાલ-તાવ૦
સંપૂરણ નિજ ભાવ,
સ્વકારય કીજતે હો લાલ-સ્વ૦
શુદ્ધાતમ નિજ રૂપ,
તણે રસ લીજતે હો લાલ-ત૦ ॥ ૪ ॥

સ્પષ્ટાર્થ:-( ૬ ) કેવળજ્ઞાન, કેવળદર્શન, યથાખ્યાત ચારિત્ર અને પરમ અચલ વીર્ય ગુણો અને પર્યાયો પ્રગટપણે પોતપોતાનું કાર્ય કરે છે. ત્યાંથી જ જ્યાંસુધી અવ્યાબાધ અક્ષય સ્થિતિ અટલ અવગાહના અને અગુરુલઘુ એ ચાર ગુણોના અંશો અઘાતી કર્મવશે જ્યાંસુધી પૂર્ણ પ્રગટ કર્યા નથી ત્યાંસુધી સમભિરૂઢ નયે ભક્તિ ગણાય.

(૭) શૈલેશીકરણના છેલ્લા સમયે આઠે ગુણોના સર્વ અંશ પ્રગટ નિર્મલ કર્યા અને તે મુખ્ય આઠ ગુણ સિવાય અનંતા ગુણોના પૂર્ણ અંશ પ્રગટ થયા. અને તે સર્વ ગુણો પોતપોતાનું કાર્ય પૂર્ણ પર્યાયે, પૂર્ણ પદે કરવા લાગ્યા ત્યારે એવંભૂત નયે સેવા થઇ, એટલે ચૌદમા ગુણઠાણાના ચરમ સમયે એવંભૂતનયે સેવા જાણવી. એ સ્થાનકે પૂર્ણ આત્મશુદ્ધ પર્યાયનો લાભ લે છે, ત્યાં એવંભૂતનયે સેવા થઈ જાણવી. સેવાનું ફળ સેવા સાથે જ મળે છે પણ કાલાંતરનો વાયદો નથી. કોઇ કહે કે-સેવાનું ફળ તો તે ભવે અથવા ભવાંતરે પણ ફળે છે તેને કહેવાય કે શુભ ઉપયોગવડે શુભ કર્મદલ બંધાય, તે અનુક્રમે ઉદય આવે પણ અહીંયા તો શુદ્ધતાની વાત છે અને શુદ્ધતામાં આત્મગુણ પ્રગટ થયાનો આનંદ તે તો તરત કામ આવે છે અને ઊંચા ગુણઠાણાનું કારણ થાય છે. જેમ સૂર્ય ઊગ્યો કે તે જ વખતે અંધકાર નાઠો અને ઉદ્યોત થયો. તેનો આનંદ તેજ વખતે આવ્યો તેમ અહીંયા અશુદ્ધતા નાઠી અને શુદ્ધતા પ્રગટ થઇ તે અશુદ્ધતાનું દુઃખ ગયું અને શુદ્ધતાનો આનંદ આવ્યો એમાં કાલક્રમનું જોર નથી. ( ૪ )

ઉત્સર્ગે એવંભૂત,
તે ફલને નીપને હો લાલ. ॥ તે૦ ॥
નિસંગી પરમાતમ,
રંગથી તે બને હો લાલ કે. ॥ રં૦ ॥
સહજ અનંત અત્યંત,
મહંત સુખે ભર્યા હો લાલ ॥ મ૦ ॥
અવિનાશી અવિકાર,
અપાર ગુણે વર્યા હો લાલ કે ॥ અ૦ ॥ (૫)

સ્પષ્ટાર્થઃ—ચૌદમા ગુણઠાણાના અંતે પૂર્ણ ગુણ પર્યાય પ્રગટ કર્યા, અને તેનું ફલ લીધું તે ઉત્સર્ગે એવંભૂતનયે સેવા થઇ. એવા નિસંગી, પરમાત્મભાવમાં રંગ રાખવાથી એ સેવા બને. પ્રભુજી સહજ સ્વભાવી, અંતરહિત, અનંત સુખે ભરપૂર મહંત છો, વળી વિનાશ રહિત વિકાર રહિત અથાગ ગુણ વર્યા છો. ( ૫ )

જે પ્રવૃત્તિ ભવમૂલ,
છેદ ઉપાય જે હો લાલ ॥ છે૦ ॥
પ્રભુ ગુણ રાગે રક્ત,
થાય શિવદાય તે હો લાલ ॥ થા૦ ॥
અંશથકી સરવંશ,
વિશુદ્ધપણું ઠવે હો લાલ ॥ વિ૦ ॥
શુકલ બીજ શશિ રહે,
તેહ પૂરણ હુવે હો લાલ ॥તેહ૦॥ ( ૬ )

સ્પષ્ટાર્થ:—આત્મસ્વરૂપના અજ્ઞાન અને મિથ્યાત્વ રાગાદિકવડે જે પ્રવૃત્તિ તે ભવભ્રમણનું મૂળ છે. અને પ્રભુના શુદ્ધ ગુણોમાં રાગે રક્ત થવું તે જ ભવભ્રમણનું મૂળ છેદવાનો મુખ્ય ઉપાય છે. તથા સકળ ઉપદ્રવનો નાશ કરનાર આખર શિવદાયી થાય છે. એટલે પ્રભુ ગુણ રાગરૂપ શુભ ઉપયોગ તે શુદ્ધ ઉપયોગનું પરમ કારણ છે, અને શુદ્ધ ઉપયોગે મુક્તિ છે. અંશથકી સર્વાંશ વિશુદ્ધતા પ્રગટે એટલે નૈગમ નયથી જે વીતરાગની આજ્ઞા સેવવાની રુચિ કહી તે વિશુદ્ધતાના અંશ છે અને વિશુદ્ધતામાં ગર્ભિત શુદ્ધતા છે. તે વિશુદ્ધતા સાથે ગર્ભિત શુદ્ધતા, વધતે વધતે એવંભૂત નયે પૂર્ણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કવિ શ્રી મોહનલાલજી લટકાળાકૃત–

# સાતમા શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન–સાર્થ

લેખક—પં. શ્રી રામવિજયજી ગણિવર્ય

**વાલહા મેહ બપીયડા,**
**અહિકુલને મૃગકુલને;**
**તિમ વલી નાદે વાહ્યા હો રાજ,**
**મધુકરને નવમલ્લિકા;**
**તિમ મુજને ઘણી વહાલી,**
**સાતમા જિનની સેવા હો રાજ–૧**

**ભાવાર્થ**:–બપૈયા જાતના પક્ષીને મેઘ ઘણો પ્રિય હોય, સર્પના તેમજ હરણના સમૂહને ગાયન ઘણું વહાલું હોય, ભમરાને નવમલ્લિકા જાતના ફૂલ પ્રિય હોય એવી રીતે અમને સાતમા જિનની સેવા ઘણી વહાલી છે. ॥ ૧ ॥

**વિશેષાર્થ**:–બપૈયા એટલે ચાતક પક્ષીને મેઘ ઘણો વહાલો હોય, કારણ કે એ જાતના પક્ષીને ગળે કાણા હોય તેથી સરોવર કે નદીના જળ પી શકે નહિ. કદાચ પીએ તો પાણી ગળામાંથી નીકળી જાય અને મેઘનું પાણી આકાશથી પડે તે તેની ચાંચરૂપ મુખમાં પડે તરત જ સીધું ઉદરમાં જાય–તૃષા છીપે; તેથી તે પક્ષીઓ બીજા જળસ્થાનોને ન ઇચ્છતાં, મેઘને જ ઇચ્છે છે. વળી સર્પને કર્ણનો વિષય વધારે હોવાથી ગારુડી મોરલી વગાડે અને રાફડામાંથી સર્પ બહાર આવે–પકડાઇ જાય. પરંતુ "સ્વર" આનંદ ઉપજાવે એટલે આરંભમાં સુખ ઉપજે. પરિણામે દુઃખદાયી થઇ જાય. ઉપર કહ્યા મુજબ પ્રથમ તો સુખ થાય. વળી ભમરાને "નવમલિકા" જાતના પુષ્પો સુગંધીદાર હોવાથી પ્રસન્નતા ઉપજાવે. આ દ્રષ્ટાંતનો ઉપમા–ઉપમેયભાવ એવો છે કે જેમ બપૈયાને મેઘ, સર્પ તથા હરણને ગાયન, ભમરાને પુષ્પ પ્રિય હોય છે, તેમ અમને સાતમા જિનની સેવા ઘણી પ્રિય હોય છે. બપૈયા–સર્પ–હરણ–ભ્રમર–તેની ઉપમામાં ભક્તજન જાણવા અને મેઘ–સ્વર–પુષ્પરૂપ જિનની સેવા જાણવી.

**અન્ય ઉથિક સુર છે ઘણા,**
**પણ મુજ મનડું તેહથી;**
**નાવે એકણ રાગે હો રાજ,**
**રાચ્યો હું રૂપાતીતથી;**
**કારણ મન માન્યાનું શું કાંઈ ?**
**આપો હાથે હો રાજ ॥ ૨ ॥**

---

શુદ્ધતા પ્રગટે. જેમ બીજનો ચંદ્રમા ઊગ્યા પછી દિને દિને કલા વધતે વધતે પૂનમે પૂર્ણ સોળે કલાએ પ્રગટ થાય તેમ નૈગમ સેવાથી વિશુદ્ધતા અને ગર્ભિત શુદ્ધતા શરૂ થઇ તે વધતે વધતે ચૌદમે ગુણસ્થાનકે એવંભૂત નયે પૂર્ણ શુદ્ધતા પ્રગટે. ( ૬ )

**તિમ પ્રભુથી શુચિ રાગ,**
**કરે વીતરાગતા હો લાલ ॥ કરે૦ ॥**
**ગુણ એકત્વે થાય,**
**સ્વગુણ પ્રાગ્ભાવતા હો લાલ ॥સ્વ૦॥**
**દેવચંદ્ર જિનચંદ્ર,**
**સેવામાંહિ રહો હો લાલ ॥સેવા૦॥**
**અવ્યાબાધ અગાધ,**
**આતમ સુખ સંગ્રહો હો લાલ ॥આ૦॥ ૭**

**સ્પષ્ટાર્થ**:—જેમ પ્રભુથી પવિત્ર રાગ તે આખર પૂર્ણ વીતરાગતા પ્રગટ કરે. પ્રભુના નિર્મળ ગુણનું એકત્વ ધ્યાન કરવાથી પરિણતિ આત્મગુણથી એકતા પામી પૂર્ણ ગુણ પ્રગટે એમ દેવોમાં ચંદ્રમા સમાન એવા શિવગતિ સાહેબની સેવામાં રહી આત્મિક અનંત અવ્યાબાધ અગાધ સુખને આદિ અનંતકાળ સુધી ભોગવો–રાખો. ( ૭ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—અન્ય દર્શની દેવો ઘણા છે, પરન્તુ મારું મનડું તેમની સાથે રાગ ધરતું નથી. હું તો રૂપ રહિત વીતરાગ દેવમાં રાચેલો છું. હે પ્રભુ! મન–માન્યાનું કારણ શું છે તે અમને અમારા હાથમાં આપો. ॥ ૨ ॥

**વિશેષાર્થ**—હરિ-હર–બ્રહ્મા વિગેરે અન્ય દર્શની દેવો ઘણા છે, પરન્તુ અમારું મનડું ત્યાં પ્રેમ કરતું નથી કારણ કે તેઓ રાગદ્વેષ અજ્ઞાનરૂપ દોષોથી લેપાઇ ગયા છે. પાપાનુબંધી નામના પુન્ય પ્રકારથી દેવો તરીકે ઓળખાય છે અને પૂજાય છે. એવા કારણથી હું દોષવાળા દેવોને તજી ગુણના ભંડારરૂપ અને રૂપ રહિત દેવોને ઇચ્છું છું. હે પ્રભુ! મન માન્યાનું કારણ શું છે તે અમને હાથોહાથ આપો, અમને બતાવો. તેનું રહસ્ય સારભૂત એ જ છે કે અમને તમારી સેવા આપો. જગતની અંદર એક સેવાધર્મ એવો છે કે તે જ સેવાધર્મ જીવને ત્રણ જગતનો સ્વામી બનાવી શકે છે. તીર્થંકરો શાસનની સેવા–થકી જ સ્વામી બન્યા છે.

**મૂળથી ભકતે રીઝશે,**
**નહિ તો અવરની રીતે;**
**ક્યારે પણ નવી ખીજે હો રાજ,**
**ઓલગડી મોંઘી થશે.**
**કંબલ હોવે ભારી,**
**જિમ જિમ જલથી ભીંજે હો રાજ. ૩**

**ભાવાર્થ**—ચાલતી રીતથા ભક્તિથી પ્રભુ રીઝશે તો સારું નહિતર બીજાની રીત પકડી રીઝવવા પડશે પ્રભુ તો ક્યારે પણ ખીજવાના નથી. એવી રીતે વિનંતિ મોંઘી થશે. દૃષ્ટાંત આપે છે કે–જેમ જેમ કામળી જળથી ભીંજાય તેમ તેમ ભારે થાય છે. ॥૩॥

**વિશેષાર્થ**—સાત્વિક પ્રકૃતિથી સીધો રસ્તો પકડી પ્રભુજી પ્રસન્ન થશે તો બહુ જ સારું પરન્તુ એ રીતથી પ્રભુ જો પ્રસન્ન ન થાય, વળી મારી અરજી ધ્યાનમાં લે નહિ તો બીજી રીત એટલે જોરજુલમ કરી કાયકષ્ટ કરી તામસ પ્રકૃતિરૂપ સેવાથી સમજાવીશ આવા પ્રકારના વાતાવરણથી સ્વાર્થી સેવક સાચો ભાવભરેલો અવિવેક કરે, જેવા તેવા શબ્દો બોલી ઓલંભા આપે, સેવા ગમે તેવા પ્રસંગથી પણ મૂકે નહિ, કર્યા જ કરે તો પણ હે પ્રભુ! આપ ક્યારેય પણ કોપવાળા થશો નહિ–આવી રીતે ભક્તિ કરતાં છતાં પણ જો પ્રભુ સેવકની સામી દૃષ્ટિ ન કરે તો વિનંતિ મોંઘી થઇ પડશે અર્થાત્ મારા કાર્યનું લંબાણ થશે. પછી થાકી જઈ હું વિનંતિ કરવી છોડી દઇશ તેથી આપનું સ્વામીત્વપણું જળવાશે નહિ; કારણ કે સ્વામીપણું સેવક વિના ટકતું નથી, તો હું જે વિચાર કરું તેના કરતા આપને વિચાર કરવો તે અતિ આવશ્યકતા ભરેલો છે. ત્યાં દૃષ્ટાંત આપી એ જ વાત સિદ્ધ કરતાં જણાવાય છે કે–જેમ કામળી જળથી ભિંજાતી જાય તેમ તેમ ભારે થાય, ઓઢવારૂપ કામમાં લેવાય નહિ. એ ઉપનયમાં ઉપમાભાવ એવો છે કે–સેવક દીનપ્રતિદિન વિનંતિ કર્યા જ કરે–સેવા કર્યા જ કરે–અને પ્રભુ એ વાતાવરણમાં ધ્યાન ન આપે તો સેવકની સેવા મોંઘી થઇ પડે–સેવક ભારે થઇ જાય–બોલાવ્યો બોલે પણ નહિ–આપ સ્વ-ફરજ બજાવી શકો નહિ–સેવક પોતાની સેવાધર્મ-રૂપ ફરજ બજાવે નહિ એવા વાતાવરણથી મારું કાર્ય કોઈ પણ રીતે સિદ્ધ ન થાય, તેથી મારી અરજી ધ્યાનમાં લઇ કાર્ય સધાવો એ જ પ્રાર્થના, શુભેચ્છા.

**મનથી નિવાજસ નહિ કરે તો,**
**કર ગ્રહીને લીજે;**
**આવશે તે લેખે હો રાજ,**
**મોટાને કહેવું કીશ્યું?**
**પગ દોડી અનુચરની,**
**અંતરજામી દેખે હો રાજ...॥ ૪ ॥**

**ભાવાર્થ**:–હે પ્રભુ! આપ જો મનથી અરજીનો સ્વીકાર ન કરો તો મારો હાથ પકડી સંતોષ આપો તેથી પણ મારું કાર્ય થશે. મોટાને શું કહેવું? વળી એમાં થતી ભક્તની દોડાદોડ અંતરજામી એવા હે પ્રભુ! જ્ઞાનબળથી દેખી જ રહ્યા છો...॥ ૪ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિશેષાર્થ**:–હે પ્રભુ! આપ મનથી અરજી ધ્યાનમાં ન લ્યો તો પણ લોકરૂઢીથી–લૌકિક વ્યવહારથી–ઇચ્છા વિના પણ મારો હાથ પકડી મને સંતોષ આપો. એવી કૃતિથી પણ મારું કાર્ય થશે, એમ નિઃસંદેહ મારું માનવું છે. એવી બાબતમાં આપ જેવા મોટાને વારંવાર શું કહેવું ? કારણ કે આપ સર્વજ્ઞ છો–અંતરજામી છો–જ્ઞાન–દર્શનથી અનુભવ કરી શકો છો કે સેવકજન પોતાનું કાર્ય સાધવામાં કેટલી દોડાદોડ કરે છે ? કેટલો ઉદ્યમ કરે છે ? તો ધ્યાન આપી અરજી સ્વીકારો એ જ ઇચ્છા.

**એહથી શું અધિકેય છે,**
**આવી મનડે વસીઓ;**
**સાચો સુગુણી સનેહી હો રાજ,**
**જે વશ હોશે આપણે;**
**તેહને માગ્યું દેતા અરજ રહે,**
**કહો કેહી હો રાજ. ॥ ૫ ॥**

**ભાવાર્થ**:—હે પ્રભુ ! એહથી અધિક શું છે હું આપના મનમાં આવીને વસેલો છું. હે પ્રભુ ! આપ સાચા સુગુણી અને ધર્મસ્નેહી છો તે કારણથી જે આપને વશ હોય તેને માગેલી વસ્તુ આપવામાં અરજ કરો કેવી રીતે હોય ? અર્થાત્ હોય જ નહિ. ॥ ૫ ॥

**વિશેષાર્થ**:—હે પ્રભુ ! હું આપને અરજ કરું છું, અહોનિશ નામ રટ્યા કરું છું. આપ દેવને મૂકી બીજા દેવોને મનમાં પણ ધારણ કરું નહિ, તો આનાથી વધારે કઇ સેવા છે કે હું કરું. વળી હું આપના મનમાં વસેલો છું. બીજે સ્થાન કરવાનું મન થતું જ નથી. આપ સાચા સુગુણી અને ધર્મસ્નેહી દેવ છો. આપના જેવા ત્રિકરણ શુદ્ધિવાળા કોઇ અપર દેવ જ નથી. આપની બાહ્ય આકૃતિ કાઉસગ્ગ મુદ્રામાં શાંત રસને ઝીલ્યા જ કરે છે. અભ્યંતર વૃત્તિમાં કિંચિત્ દોષનો અવકાશ નથી. આપે મોહને સર્વથા જીતી લીધો છે. હવે આપનો સેવક આપને એક અરજ કરે છે કે જે સેવક સંપૂર્ણ વશમાં હોય, વચનપાલનમાં સત્ય પ્રતિજ્ઞાશાલી હોય, સંપૂર્ણ ભક્તિવંત હોય તો એવા સેવક ભક્ત જનને માગ્યું આપવામાં વિચાર કરવાનો કેમ હોય ? અર્થાત્ હોય જ નહિ. અરજીની રાહ જોવાની હોય જ નહિ. આ સ્તવનમાં રાજ એવો શબ્દ વારંવાર આવે છે. તે સ્તવનના રાગમાં અલંકારરૂપ છે.

**અતિ પરચો વિરચે નહિં,**
**નિત નિત નવલો નવલો પ્રભુજી;**
**મુજથી ભાસે હો રાજ,**
**એ પ્રભુતા એ નિપુણતા;**
**પરમ પુરુષ જેહવી,**
**કિંહાંથી કોઇ પાસે હો રાજ. ॥ ૬ ॥**

**ભાવાર્થ**:–હે પ્રભુ ! આપનો મને ઘણો પરિચય થયો છે, તેથી હવે મને છોડશો નહિ, મને તો પ્રભુજી રોજ નવા નવા ભાસે છે–તેથી એ પ્રભુતા, એ નિપુણતા જેવી પરમપુરુષમાં હોય તેવી બીજા કોઇ સામાન્ય પુરુષ પાસે કયાંથી હોય ? અર્થાત્ હોય જ નહિ ॥૬॥

**વિશેષાર્થ**:–હે પ્રભુ ! આપનો પરિચય મારે ઘણો છે તેથી હવે મને છોડશો નહિ, કારણ કે અલ્પ પરિચયમાં અલ્પ રાગ–પ્રેમ છોડવો મુશ્કેલ પડે તો પછી આપ વીતરાગ દેવનો ઘણો પરિચય અને આપના અનંત ગુણમાં અમારો રાગ, તે કેવી રીતે છૂટી શકે ? અર્થાત્ છૂટે જ નહિ. પ્રભુ તો અમને નવા નવા રૂપવાલા ભાસે છે–કોઇ વખત સમવસરણમાં વિરાજિત હોય ત્યારે અષ્ટમહાપ્રાતિહાર્ય યુક્ત દેખાવવાલા હોય, કોઇ વખત કાઉસગ્ગ મુદ્રામાં હોય ત્યારે પદ્માસનવાળા હોય એમ જુદા જુદા સ્વરૂપે ભાસે છે. એવી રીતે હે વીતરાગ દેવ ! આપની પ્રભુતા( ઠકુરાઇ ) નિપુણતા એટલે ધર્મકલાની ચતુરાઇ–જેવી હોય તેવી અન્ય દેવોમાં કયાંથી જ હોય ? અર્થાત્ હોય જ નહિ એ નિઃસંદેહ છે.

**ભીનો પરમ મહારસે,**
**માહરો નાથ નગીનો;**
**તેહને તે કુણ નિંદે હો રાજ,**
**સમકિત દ્રઢતા કારણે;**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'સંસાર–દાવાનલ' સ્તુતિ અને એની પાદપૂર્તિ

( લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

( ૧ )

**નામ**—પ્રતિક્રમણ કરતી વેળા ઉપયોગમાં લેવાતાં કેટલાંયે સૂત્રોનાં નામ એ સૂત્રના પ્રારંભિક શબ્દ ઉપરથી યોજાયાં છે. આવી પદ્ધતિ કોઇ કોઇ આગમના અંશરૂપ કૃતિઓ માટે, **ભક્તામર–સ્તોત્ર** જેવાં સ્તોત્ર માટે તેમજ **નાસદીય–સૂક્ત** જેવી અજૈન રચનાઓ માટે પણ કામમાં લેવાઈ છે. આ પદ્ધતિનો અમલ પ્રસ્તુત સ્તુતિ માટે પણ કરાયો છે, એનો પ્રારંભ 'સંસાર–દાવાનલ'થી થતો હોવાથી એને **સંસાર-દાવાનલ–સ્તુતિ** કહે છે. કેટલીકવાર એને "સંસારદાવાની સ્તુતિ" એવે નામે પણ ઓળખાય છે. એના પ્રથમ પદ્યમાં **વીર** પ્રભુની સ્તુતિ છે અને ત્રીજા પદ્યમાં એ **વીર**ના આગમનો ઉલ્લેખ છે. એ જોતાં એને 'વીર–સ્તુતિ' કહી શકાય, અને આની કેટલીક હાથપોથીમાં **શ્રી મહાવીર સ્તુતિ** અને **શ્રી વર્ધમાન–સ્તુતિ** એવા ઉલ્લેખ પણ જોવાય છે.[1]

**પરિમાણ—દાવાનલ-સ્તુતિ** પદ્યાત્મક છે. એમાં ચાર જ પદ્યો છે.

**વૃત્ત**—ઉપર્યુક્ત ચાર પદ્યો અક્ષરોની સંખ્યામાં એકેકથી ચડિયાતાં એવાં વૃત્તોમાં અનુક્રમે રચાયાં છે. એ વૃત્તો નીચે મુજબ છે:—

( ૧ ) ઉપજાતિ, ( ૨ ) વસંતતિલકા, ( ૩ ) મંદાક્રાંતા અને ( ૪ ) સ્રગ્ધરા. આ વૃત્તોની પસંદગી એના પ્રણેતા કુશળ કવિ હશે એમ સૂચવે છે, કેમકે અહીં ભાવની વૃદ્ધિને રજૂ કરવા માટે વૃત્તોની વિશાળતાનો સમુચિત ઉપયોગ કરાયો છે. એ વૃત્તો ગાતાં જે ક્રમે ઉલ્લાસ વધે એને લક્ષ્યમાં રાખીને અને એકમાંથી બીજું વિશાળ વૃત્ત ઉદ્ભવે એ જાતનાં વૃત્તો રચીને આ મનોહર કૃતિની શબ્દ–ગૂંથણી કરાઇ છે. આને લઇને આ કૃતિ કદમાં નાની હોવા છતાં ભાવવાહી અને હૃદયંગમ બની છે.

---

**રૂપ વિબુધનો મોહન,**
**સ્વામી સુપાસને વંદે હો રાજ ॥૭॥**

**ભાવાર્થ:**—મારા નાથ નગીના ઉત્કૃષ્ટ મહારસથી વ્યાપ્ત છે, તેની નિંદા કોણ કરે ? હવે હું સમકિતની દૃઢતાને કારણે શ્રી સુપાર્શ્વનાથને વંદના કરું છું. એવી રીતે રૂપવિજયજી પંડિતના શિષ્યકવિ **મોહન-વિજયજી** કહે છે.

**વિશેષાર્થ:**—શ્રી સુપાર્શ્વનાથ ભગવાન આત્મા-રમણતારૂપ ઉત્કૃષ્ટ રસથી યુક્ત છે. એ પ્રભુ મારા નાથ છે. પર્વત જેવા મોટા છે. એવા પ્રભુની નિંદા કોણ કરે ? અર્થાત્ મહામિથ્યાદૃષ્ટિ–અનંતભવ રઝળનારા શુદ્ધ દેવ–ગુરુ–ધર્મની પરીક્ષામાં અજાણ એવા આત્માઓ કરે. પરન્તુ સમ્યગ્દૃષ્ટિ વિગેરે આત્માઓ આવા પ્રભુની પ્રશંસા જ કરે. આ સ્તવનના રચયિતા પંડિત રૂપવિજયના શિષ્ય કવિ નરરત્ન શ્રી મોહનવિજયજી મહારાજ કહે છે કે–હું પોતે સમકિત રત્નની દૃઢતાને કારણે સાતમા તીર્થંકર પ્રભુ શ્રી સુપાર્શ્વનાથને વંદના કરું છું. ॥૭॥

---

૧ જુઓ ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધનમંદિર તરફથી પ્રકાશિત મારું **જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર** ( ભા. ૩, પૃ. ૨૩૫–૨૩૬ ).



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાષા**—આ સ્તુતિ ' ભાષા-સમ ' નામના અલંકારથી વિભૂષિત છે. અર્થાત્ એ એક રીતે સંસ્કૃત રચના છે તો બીજી રીતે એ " જઇણુ મરહટ્ઠી " ( જૈન મહારાષ્ટ્રી ) ભાષાની રચના છે. આને લઇને તો એને આપણે ' સમસંસ્કૃત ' સ્તુતિ કહીએ છીએ.

**અલંકાર**—' ભાષાસમ ' થી વિભૂષિત આ સ્તુતિ ' રૂપક ' અલંકારથી ઓતપ્રોત છે. એની ખરી ખૂબી ત્રીજા પદ્યમાં જોવાય છે, કેમકે ત્યાં આગમની સાગર સાથે અનેક રીતે તુલના કરાઇ છે. આ હકીકત હું અહીં સમીકરણો દ્વારા સૂચવું છું:—

સુપદ=નીર; અહિંસા=લહરી; ચૂલા=વેલા; ગમ=મણિ.

**વ્યાકરણ અને કોશ**—પ્રથમ પદ્યનાં ચારે ચરણો પ્રાસથી અલંકૃત છે. ચોથું પદ્ય લકારના અનુપ્રાસથી શોભે છે. વ્યાકરણના નિયમોને લક્ષ્યમાં રાખી આ સ્તુતિ રચાઈ છે. આથી એ જેમ છંદઃ-શાસ્ત્રની દૃષ્ટિએ દોષરહિત છે તેમજ વ્યાકરણ પરત્વે પણ દોષરહિત જણાય છે. આ સ્તુતિમાં પ્રથમ પદ્યમાં તેમજ અંતિમ પદ્યમાં ' ધૂલી ' એવો પ્રયોગ છે એવી રીતે ત્રીજા પદ્યમાં ' મણી ' એવો પ્રયોગ છે. [1]પાઇય ( પ્રાકૃત ) વ્યાકરણની અપેક્ષાએ તો આ પ્રયોગો ઉચિત જ છે.પદ્ય સંસ્કૃતમાં ' ધૂલી ' અને ' મણી ' એવા શબ્દો છે ખરા એમ પ્રશ્ન કોઇ ઉઠાવે તો ના નહિ, આ સંબંધમાં કેટલાક કોશ જોતાં એમાં ' ધૂલિ ' અને ' ધૂલી ' એમ બંને રીતના સંસ્કૃત શબ્દો મળે છે. દા. ત. **શબ્દરત્નાકર**.( કાંડ ૪, શ્લો. ૨૩ ) અને **અભિધાનચિન્તામણિ** ( કાંડ ૪, શ્લો ૩૬ ) અને એની સ્વોપજ્ઞ ટીકા, ' મણી ' માટે આવું કોઇ પ્રમાણ હોય તો તે અત્યારે તો યાદ આવતું નથી.

**નોંધઃ**—' માલિતાનિ ' અને ' પદવી ' એ બેને અર્થ-દૃષ્ટિએ અને ' ગમ ' ને જૈન પારિભાષિક શબ્દ તરીકે હું નોંધપાત્ર ગણું છું.

**વિષય**—પ્રથમ પદ્યમાં કવિવરે શ્રમણ ભગવાન્ મહાવીરને શાંતિ અર્પનારા, મોહનો નાશ કરનારા, માયાનો ઉચ્છેદ કરનારા અને ' મેરુ ' સમાન ધીરતા દાખવનારા તરીકે વર્ણવ્યા છે. આમ આ ચોવીસમા તીર્થંકરના ગુણગાનરૂપ પદ્ય છે.

' થોય 'ના બંધારણ અનુસાર બીજું પદ્ય સકળ જિનેશ્વરોને અંગેનું છે. એ દ્વારા એઓ ત્રૈલોક્યને પૂજનીય છે અને સમસ્ત ભક્તજનોનાં વાંછિતોને પૂર્ણ કરનારા છે એ બે બાબતો દર્શાવાઇ છે.

ત્રીજા પદ્યમાં વીર પ્રભુના આગમનું કાવ્ય-દૃષ્ટિએ સુંદર ગણાય એવું ચિત્ર આલેખાયું છે, એ આગમ જ્ઞાનનો ભંડાર છે, એમાં અહિંસાનું સામ્રાજ્ય છે અને ગમોની રેલંછેલ છે એ બાબતોનો નિર્દેશ કરાયો છે.

ચોથું પદ્ય શ્રુતદેવીની સ્તુતિરૂપ છે, એ દેવીના નિવાસસ્થાન તરીકે કમળનો અને એના એક હાથમાં પણ કમળ હોવાનો અહીં ઉલ્લેખ કરાયો છે, વિશેષમાં દેવીના નિવાસસ્થાનરૂપ કમળનું વર્ણન કરાયું છે. જેમ બીજા પદ્યનાં આદ્ય બે ચરણો લાંબા સમાસરૂપ છે તેમ આ ચતુર્થ પદ્યનાં આદ્ય બે ચરણો પણ છે, આને લઇને સામાન્ય જનોને એનો અર્થ દુર્ગમ જણાય છે, બાકી એક વાર સમાસના વિગ્રહ ઉપર પૂરતું લક્ષ્ય અપાય તો એ ગહન નથી.

**કર્તૃત્વ-સંસાર-દાવાનલ-સ્તુતિ**ના પ્રણેતા **અનેકાંતજયપતાકા, સમરાઇચ્ચચરિય** વગેરેના

1 પાઇય ભાષામાં ધૂલિ, ધૂલી અને મણિ એ ત્રણ શબ્દો છે જ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રચનારા અને પોતાને મહત્તરા યાકિનીના પુત્ર તરીકે ઓળખાવનારા સુપ્રસિદ્ધ હરિભદ્રસૂરિ છે એમ સામાન્ય રીતે મનાય છે. આની સાબિતી તરીકે આ સ્તુતિ એમના કેટલાક અન્ય ગ્રંથોની પેઠે 'વિરહ' શબ્દથી અંકિત છે એ બાબત રજૂ કરાય છે. પણ કર્તૃત્વના આ નિર્ણય માટે સબળ પ્રાચીન ગ્રંથસ્થ પૂરાવો આપી શકાય તો પછી કોઇ જાતનો વાંધો ઉઠાવવાનો પ્રસંગ રહે નહિ. ચતુર્વિંશતિ પ્રબંધમાં હરિભદ્રસૂરિની કેટલીક કૃતિઓ ગણાવાઇ છે. એમાં આ સ્તુતિનો ઉલ્લેખ નથી. પ્રભાવક ચરિતમાં પણ આ સ્તુતિની નોંધ નથી. વિક્રમની સોળમી સદી કરતાં વિશેષ પ્રાચીન ગણાય એવો કોઇ ગ્રંથસ્થ પૂરાવો વાંચ્યાનું મને અત્યારે તો સ્ફુરતું નથી. આથી આનો પ્રાચીનતાની દૃષ્ટિએ પણ વિચાર કરવો ઘટે. એ દિશામાં હું કંઇક સૂચન કરું તે પૂર્વે એ નોંધીશ કે–આ સ્તુતિમાં પ્રથમ પદ્યમાં બે વાર, ત્રીજા પદ્યમાં એક વાર અને ચોથા પદ્યમાં ત્રણ વાર 'સાર' શબ્દનો પ્રયોગ છે. આ પ્રયોગ શું કર્તાના કે એમના ગુરુ જેવાના કોઇ નામનું દ્યોતન કરે છે? એ શું કોઇ સહેતુક પ્રયોગ છે?

**પ્રાચીનતા**—પ્રસ્તુત સ્તુતિ હરિભદ્રીય હો કે ન હો પરંતુ એ કેટલી પ્રાચીન છે, એ વિચારાવું જોઇએ, કેમકે હરિભદ્રસૂરિના સમય વિષે એકવાક્યતા નથી. આથી આપણે એનો વિવિધ દૃષ્ટિએ વિચાર કરવો જોઇએ.

(૧) આ સ્તુતિનો સૌથી પ્રથમ ઉલ્લેખ શેમાં મળે છે?

(૨) એના ઉપર પ્રાચીનમાં પ્રાચીન ટીકા કઇ છે?

(૩) એની પાદપૂર્તિરૂપ કાવ્ય સૌથી પ્રથમ કોણે રચ્યું?

(૪) પ્રતિક્રમણની ક્રિયામાં આ સ્તુતિને ક્યારથી સ્થાન અપાયું છે?

(૫) પ્રસ્તુત સ્તુતિની પ્રાચીનમાં પ્રાચીન હાથપોથી કયા વર્ષમાં લખાયેલી છે? એ ન મળતી હોય તો પણ એ જાતનો કોઇ ઉલ્લેખ હોય તો તે શેમાં છે?

આ પ્રશ્નોના ઉત્તર અંશતઃ આ લેખમાં હું સૂચવીશ; બાકી એના અંતિમ નિર્ણયાત્મક ઉત્તરો માટે તો વિશેષજ્ઞો પ્રકાશ પાડી શકે અને મારે જ આ કાર્ય કરવાનું હોય તો મારે એને અંગે મારો અભ્યાસ વધારવો જોઇએ કે જે કાર્ય હાલ તુરત તો બને તેમ નથી.

**પાદપૂર્તિ**—પ્રસ્તુત સ્તુતિની એકંદર પાંચ પાદપૂર્તિ રચાયેલી જાણવામાં છે. એ બાબત આ લેખમાં આગળ ઉપર વિચારાશે.

**વિવરણ**—પ્રસ્તુત સ્તુતિ ઉપર ત્રણ સંસ્કૃત ટીકા હોવાનું જણાય છે.

(૧) જ્ઞાનવિમલસૂરિકૃત, (૨) પાર્શ્વચન્દ્રકૃત અને (૩) અજ્ઞાનકર્તૃક.

આ પૈકી પહેલી મૂળ સહિત ટીકા "દયાવિમલ ગ્રંથમાળા"માં ઇ. સ. ૧૯૧૭ માં છપાયેલી છે.

આ સ્તુતિ ઉપર જૂની ગુજરાતીમાં કોઇકની વ્યાખ્યા છે એની નોંધ મેં ઉપર્યુક્ત સૂચીપત્ર–(પૃ. ૨૩૬–૨૩૭)માં લીધી છે.

આ વ્યાખ્યાકારે આ સ્તુતિ હરિભદ્રસૂરિની હોવાનું કહ્યું છે.

**અનુવાદ**—શ્રાદ્ધપ્રતિક્રમણ-સૂત્રોનાં સાર્થ પુસ્તકોમાં પ્રસ્તુત સ્તુતિના ગદ્યાત્મક ગુજરાતી અનુવાદો છપાયા છે. કોઇ કોઇ પુસ્તકમાં હિંદી અનુવાદ પણ જોવાય છે. આ સ્તુતિનો મારો "હરિગીત"માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મતિવિભ્રમ

લેખકઃ—પૂજ્ય મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી

**दाराः परिभवाकारा, बन्धुजनो बंधनं विषं विषयाः ।**
**कोऽयं जनस्य मोहो, ये रिपवस्तेषु सुहृदाशाः ? ॥**

જગતના સ્વરૂપના સાચા વિચારક મહાપુરુષો કહે છે કે–સંસારમાં મૂઢ બનેલા પામર જીવોએ જે સુખનાં સાધનો માન્યાં છે, તે વાસ્તવિક દુઃખનાં જ સાધનો છે, પણ તેવા પ્રકારની મૂઢતામાં વશ થએલ જીવને પોતાની અને પારકી વસ્તુનું ભાન નથી. તેથી શત્રુને મિત્ર માની બેઠો છે. અને જે સાચા મિત્ર છે તેની અવગણના કરી રહ્યો છે. એવી સ્થિતિમાં ઘોર સંસારસાગરમાં અનંતો કાળ વીતાવ્યો. અનેક સ્થળે જન્મ મરણનાં કારમાં દુઃખો અનુભવ્યાં. એક પણ યોનિમાં કે ગતિમાં ઠરીને ઠામ બેસવાનો એને અવસર મળ્યો નથી.

મનુષ્યજીવન જેવી અમૂલ્ય સામગ્રીને પામ્યા પછી શાંતિ મેળવવાની વાત જ ક્યાં છે? શાંતિ જોઇએ છે, પણ શાંતિના સાધનો ક્યાં છે? શાંતિના સાધનો ઓળખવાની મનુષ્ય જીવનને પામેલાના મોટા ભાગને પડી નથી, એમ આજની દુનિયા તરફ નજર નાખતાં જણાશે. સહુને પોતાની શાંતિની પડી છે, પણ પોતાની શાંતિ મેળવતાં બીજાને અશાંતિના કારણ કેટલા થવાય છે એ બાબતની બેદરકારી ઘણી દેખાય છે. દરેક સમજદાર મનુષ્ય વિચારે કે જેમ મને અશાંતિનો ખપ નથી, તેમ દુનિયાનો નાનાથી મોટો સર્વ કોઇ પણ જીવ અશાંતિને ઇચ્છતો નથી. તે માટે કોઇની પણ અશાંતિમાં કારણ-ભૂત ન બનવું જોઇએ.

પણ સ્વાર્થમાં અંધ બનેલ અને જગતમાં મોટાઇ મેળવવા માટે લાલચુ થયેલ વિષયોના સાધનોથી અસંતુષ્ટ જીવ આ બધું વિચારી શકતો નથી. વિચારી શકે તો પણ એની સ્વાર્થાન્ધ દશા, પુદ્ગલપર-વશતા, વિષયચકચૂરપણું આવા આવા અનેક સદ્ગુણો (?) એને સાચી કરણી તરફ જતા અટકાવે છે. જેને જગતના પદાર્થોની વધુ ઇચ્છા છે એને વધારે ભય છે. પણ જેને સ્વાર્થની માત્રા જેટલા પ્રમાણમાં ઓછી તેટલા પ્રમાણમાં ભય તેનાથી દૂર છે. આજનું ઘેલું જગત્ બૂમ મારે છે, " લુંટાઇ

---

કરેલો પદ્યાત્મક ગુજરાતી અનુવાદ અહીંના ( સુરતના ) સાપ્તાહિક નામે " ગુજરાત મિત્ર તથા ગુજરાત-દર્પણ "ના તા. ૫–૧–૫૩ ના અંકમાં છપાયો છે. [1]આ પહેલાં કોઇએ એનો પદ્યાત્મક અનુવાદ કર્યો હોય અને એ છપાયો હોય તો તજ્જ્ઞ એ બાબત મને જણાવવા કૃપા કરે. આ સ્તુતિનો મારો સમશ્લોકી અનુવાદ ગુ. મિત્ર તથા ગુ. દર્પણના તા. ૯–૨–૫૩ ના અંકમાં છપાયો છે.[2]

પ્રસ્તુત સ્તુતિમાં મને જૈનત્વની જ્યોતિ જણાય છે અને સાથે સાથે કાવ્ય–શક્તિ પણ વિકસિત સ્વરૂપમાં દેખાય છે. આથી મેં એનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે અને એ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થશે એમ લાગે છે.

---

૧ ત્યારબાદ આ અનુવાદ દિગંબર જૈન ( વ. ૪૬, અ ૩. )માં તેમજ આત્માનંદ પ્રકાશ ( પૃ. ૫૦, અંક ૭ )માં પણ છપાયો છે.

૨ આ સમશ્લોકી અનુવાદ " આત્માનંદ પ્રકાશ "( પૃ. ૫૦, અં. ૮ ) માં પણ ત્યારબાદ પ્રસિદ્ધ થયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# अभिनवजिन स्तवनम् ।

લેખક—પ્રોફેસર જયંતીલાલ ભાઈશંકર દવે. એમ. એ.

### મંગલાચરણ.

**मंगलं भगवान् वीरो मंगलं परमेष्ठिनः ।**
**इच्छामि कीर्तनात्तेषां चेतोदर्पणमार्जनम् ॥ १ ॥**

**ભાવાર્થઃ**—શિષ્ટાચાર પ્રમાણે પ્રથમ મંગલાચરણ કરીને જિનવચનની કુશળકામનાદ્વારા સ્તવન ચરિતાર્થ થાઓ એમ લખવાનો હેતુ છે. મહાવીર પ્રભુ તથા સર્વ પરમેષ્ઠીઓ મંગલસ્વરૂપ છે અને તેમના કીર્તનથકી મારા ચિત્તરૂપી જે અરીસો છે તેના ઉપર સંસારરૂપી કર્માસ્રવથી જે મેલ

---

ગયા, પૈસા મળતા નથી, વેપાર ચાલતો નથી, ખરચા ઘણા, કમાણીનું ઠેકાણું નહિ, શરીરાદિની પીડા, મનમાં ચિંતાઓનો પાર નહિ.” પણ આ બધાની બૂમ મારતા પહેલાં વિચારવું કે આ બધું શાથી આવ્યું? પોતાની વિષયાધીનતાના પ્રતાપે આવા સંજોગો ભેગા કર્યા છે; એ નથી વિચારતો અને નાહક પોકાર કર્યે જવાથી શું વળે તેમ છે? આ જગતને માથે અનેક ભયો ઝઝૂમે છે, છતાં નિર્ભય કોણ? કહેવું જ પડે કે જેણે દુન્યવી ઉપાધિને કેવલ તિલાંજલિ આપી છે, તે જ હાલમાં સાચા નિર્ભય અને સુખી છે. વિષયોને સુખના સાધન માનનારા સદા ભયના વાતાવરણમાં ફસાય એમાં આશ્ચર્ય નથી. આથી જ્ઞાનીઓ ફરમાવે છે કે-**શત્રુને ઓળખો. મિત્ર માનેલા શત્રુ ઘણું બગાડી નાખશે. આપણા વાવેલા બાવળ આપણા પગમાં કાંટા ભોંકશે. આપણા ઘડેલા હથિયારો આપણા ઉપર ચાલશે. આપણા હાથે દૂધ પાઈ ઉછેરેલા સર્પો ભયંકર દંશ દઈ મારી નાખશે.**

આપણા હાથમાં બાજી છે ત્યાં સુધી ચેતી લેવામાં સાર છે. **સંસારનું મૂળ સ્ત્રી** છે. સઘળા પરાભવ એનાથી પામવાના છે. **બંધુજનો–સગાવહાલા વિગેરે બંધનરૂપ છે.** આત્માને **બચાવનારા નથી પણ સપડાવનારા** છે અને **વિષયો ઝેરથી** પણ **ભયંકર** છે એના વિષયથી મુંઝાએલાને કૃત્યાકૃત્યનું ભાન પ્રાયઃ હોતું નથી. જીવન કઈ દિશાએ જાય છે અને કયા માર્ગે ચાલવું જોઈએ, એ વિષયાંધોને માલૂમ પડતું નથી. શત્રુઓને મિત્ર માનનારની દશા બૂરી થયા વિના કેમ રહે?

વર્તમાનની મોજમજાહ ભવિષ્યના ભયંકર દુઃખોને નોતરતી હોય તો તેનાથી અલગ રહે જ છૂટકો છે. આ જીવન શાના માટે છે એ કોઈ પણ કાળે ન વિચારવું એ નાશને નિમંત્રણ કરવા જેવું છે. **દુઃખ શાથી? પાપથી. સુખ શાથી? શુભ કરણીથી,** પાપના કારણે શત્રુ ખરા કે નહિ? આપણી આજુબાજુ રહેલા સ્ત્રી–ધન-સગાવહાલા–બંગલા–મોટર વિગેરે આપણને પાપના સાધનરૂપ છે કે નહિ? જો એમ હોય તો શત્રુ ખરા કે નહિ?

એ શત્રુને મિત્ર માને તેની શી વલે થાય? આત્મન્! વિચાર. તું અનંતજ્ઞાનનો ખજાનો છે. તારે જડની આ બધી ભૂલભૂલામણીમાં કયાં સુધી રહેવું છે? જાગૃત થા. જૈનશાસનરૂપ મજબૂત કિલ્લાને શરણે આવી શત્રુને જીતવા તૈયાર થા. **વિષયાભિલાષ એ કારમો શત્રુ છે.** એના ઉપર ઘા કરવા સતત તૈયારી કર. પરમાત્માનું સાચું શરણું લઈ યુદ્ધમાં ઉતરીશ તો વિજય તને જ વરશે. **એ વિજય મેળવવાથી જ તું પૂર્ણ શાંતિ પામીશ.**

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જામી ગયો છે તે સાફ કરવાની મારી પ્રવૃત્તિ સફળ થાઓ ! કર્માસ્રવ અનંત કાળથી ચાલ્યો આવે છે તો હવે તેનો સંવર કરી નિર્જરા કરવી ઘટે છે, એ આશય છે. ( ૧ )

**यस्य स्मरणमात्रेण नश्यन्ति सकलापदः ।**
**तं नमामि महावीरं सर्वदेवनमस्कृतम् ॥ २ ॥**

**ભાવાર્થઃ**—જેના કેવળ સ્મરણથી જ બધી આપદાઓ નાશ પામે છે અને જેને સઘળા દેવો પૂજે છે એવા શ્રી મહાવીરને હું નમું છું. શાસ્ત્રકારો કહે છે કે-પરમેષ્ઠિઓની કૃપાથી શ્રેયોમાર્ગ આપણને જડે છે માટે જ તેમનું સ્તવન આવશ્યક છે. મંગલાચરણની ઉપયોગિતા માટે શાસ્ત્રકારોએ બહુ લાંબી ચર્ચાઓ કરેલી છે તે અહિં પ્રસ્તુત ન હોવાથી અમે તે કરેલી નથી. ટૂંકામાં જિનશાસન-પ્રભાવના એ જ મોટું મંગળ છે. એવી ભાવના અહિં કરી છે. ( ૨ )

**जिनेन्द्र ! मम सर्वाणि दुरितानि परासुव । यद् भद्र तद् भवतु मे ॥ ३ ॥**

**ભાવાર્થ**:—હે જિનેન્દ્ર ! આપના સ્મરણ, ચિંતન અને સંકીર્તનથી મારાં સઘળાં પાપકૃત્યો દૂર ફેંકાઇ જાઓ ! અને જે થકી મારું કલ્યાણ થાય તે મને પ્રાપ્ત થાઓ ! ( ૩ )

**वीरो जिनवरवृषभो मंगलयूथैकमंगलो योऽस्ति ।**
**अघमर्षणो दयालुर्मुक्तिमार्गोपदेशको देवः ॥ ४ ॥**

**ભાવાર્થ**:—જિનવરવૃષભ એવા મહાવીર, સઘળા મંગલોનું જૂથ એટલે કે સમૂહના પણ એકમાત્ર મંગળ છે. તે અઘમર્ષણ છે એટલે પાપોનો નાશ કરે છે, દયાળુ છે, મુક્તિમાર્ગના ઉપદેષ્ટા છે અને સર્વોત્તમ દેવ છે. ( ૪ )

## બોધિની દુર્લભતા

**बोधिप्राप्तौ सदासक्तो मूर्खश्च पंडितोऽपि च ।**
**उभावेतादृशौ दृष्ट्वा तच्चित्रं जगतो महत् ॥ ५ ॥**

**ભાવાર્થ**: બોધિ એટલે આત્મબોધ અથવા આત્મા સંબંધે યથાર્થજ્ઞાન. અહિં મૂર્ખ અને પંડિત બન્નેને બોધિની પ્રાપ્તિ પરત્વે એકસરખા **सदासक्त** વર્ણવીને વિરોધાભાસ ઉત્પન્ન કર્યો છે અને તેથી જ જગતને મોટું આશ્ચર્ય થાય છે. અર્થચમત્કૃતિવાળા કાવ્યનો આ નમૂનો છે. "**सदासक्त**" સમાસનું વિશ્લેષણ મૂર્ખ માટે જુદી રીતે અને પંડિત માટે જૂદી રીતે કરીએ તો અર્થમાં જે વિરોધાભાસ દેખાય છે તેનો પરિહાર થઇ જાય છે. મૂર્ખ આત્મજ્ઞાન મેળવવામાં **सदा+असक्त** હમેશાં વિમુખ રહે છે પણ પંડિત અથવા પ્રજ્ઞપુરુષ **सदा+आसक्त** એટલે આત્મજ્ઞાનમાં રત હોય છે. સામાન્યરીતે લોકોનો મોટો ભાગ આત્મજ્ઞાનની બાબત મૂઢતા જ સેવે છે. બોધિની દુર્લભતા વિષે એક કવિ કહે છે કે-

**"ધન જન કંચન રાજસુખ સબહિ સુલભ કર જાન**
**દુર્લભ હૈ સંસાર મેં એક યથારથ જ્ઞાન."**

બાર ભાવનાઓ પૈકી બોધિદુર્લભ ભાવનાનો અહિં નિર્દેશ છે. ( ૫ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**ઘાટકોપર**–મુંબઇમાં માંગલિક **ઉપધાન તપની** શરૂ થયેલી આરાધના યુગવીર આચાર્યદેવ શ્રી **વિજય-વલ્લભસૂરીશ્વરજી** મહારાજ ઉપાધ્યાયજી શ્રી પૂર્ણાનંદ વિજયજી મ. પં૦ શ્રી વિકાસવિજયજી મહારાજાદિ પરિવાર સાથે તા–૧૧–૧૨–૫૩ માગશર સુદ ૫ ના રોજ ઉપરોકત તપની આરાધન કરાવવા ઘાટકોપરમાં ગાંધી ચત્રભૂજ મોતીલાલના બંગલાથી ધામધૂમ પૂર્વક સામૈયા સાથે અને મુંબઇના કેટલાએક આગેવાન જૈનબંધુઓની હાજરીમાં વિજયાનંદ નગરમાં પ્રવેશ કરાવ્યો હતો. ઉપરોકત સ્થળે પહોંચ્યાબાદ આચાર્ય મહારાજે મંગલિક સંભળાવ્યું હતું સાથે તપના મહિમાનું સુંદર વર્ણન કર્યું હતું. આ તપમાં ૪૦૦) ભાઇ બ્હેનો ૧૦ વર્ષની ઉપરથી તે ૮૪ વર્ષની ઉમર સુધીમાં જોડાયા છે. અને શુદ ૬ થી ઉપધાનની શરૂઆત થઇ ગઇ છે.

### શ્રી ગુરુદેવ જયન્તિ

શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી પૂજ્ય મહાત્મા શ્રી મૂળચંદજી મહારાજની સ્વર્ગવાસ તિથિ માગશર વદી ૬ તા. ૨૬–૧૨–૫૩ ના રોજ હોવાથી શ્રી દાદા સાહેબ જિનાલયમાં સવારે શ્રી પંચ પરમેષ્ટીની પૂજા ભણાવવા વગેરેથી ભક્તિ કરી જયંતી ઉજવવામાં આવી હતી. શ્રી દાદા સાહેબના જિનાલયમાં તથા પુજ્ય મહાત્મા શ્રી મુળચંદ મહારાજની દેરીયે અંગ રચના કરવામાં આવી હતી.

### સાવર-કુંડલામાં જૈન વિદ્યાર્થી ગૃહનું ઉદ્‌ઘાટન.

કુંડલાના શિક્ષણ પ્રેમી જૈન બંધુઓ તરફથી રૂા. સીત્તેર હજારને ખર્ચે સગવડવાળું જૈન વિદ્યાર્થી ગૃહનું મકાન તૈયાર થતાં શેઠ દાનવીર શિક્ષણપ્રેમી શેઠ ભોગીલાલભાઇ મગનલાલ મીલવાળા ( ભારતની ધારાસભાના સભાસદ ) ના મુબારક હસ્તે તા. ૩૧–૧૨–૫૩ માગશર વદી ૧૧ ગુરૂવારના રોજ ઉપરોકત વિદ્યાર્થી ગૃહ ઉદ્‌ઘાટન થયું હતું. તેનું ખાતમૂહૂર્ત પણ શેઠ શ્રી ભોગીલાલભાઇના હાથે થયું હતું. પૂણ્યપ્રભાવક પુરૂષને હાથે થયેલી આ ઉદ્‌ઘાટન ક્રિયા ભવિષ્યની પ્રગતિ અને વિશાળતા સૂચવે છે. આ સભા તરફથી સફળતા ઇચ્છતા તાર ત્યાં કરવામાં આવ્યો હતો.

---

## સદ્‌ગુરુની દુર્લભતા

**उत्तमा गुरवः प्रोक्ता ज्ञानदानप्रवृत्तयः ।**
**जघन्या गुरवः प्रोक्ता ज्ञानविक्रयकारिणः ॥ ६ ॥**

**ભાવાર્થ:** નિઃસ્વાર્થપણે જ્ઞાનનું સમાજમાં વિતરણ કરવું એ જ ઉત્તમ એટલે સદ્‌ગુરુઓનો સ્વાભાવિક ધર્મ છે, પરંતુ સ્વાર્થમાટે જ્ઞાનનો વિક્રય કરનારાઓ બહુ જ નિકૃષ્ટ કોટિના ગુરુઓ કહેવાય છે. (૬)

## સંસારની દુઃખરૂપતા

**नानाविधानि दुःखानि मानवानां पुनः पुनः ।**
**संसारविषचक्रेऽस्मिन्नाधिव्याधिभयाकुले ॥ ७ ॥**

**ભાવાર્થ:** મનુષ્યોને વારંવાર અનેક પ્રકારનાં દુઃખો ભોગવવાં પડે છે. પુનઃ શબ્દથી પુનર્જન્મનું દુઃખ પણ સૂચિત છે. આ સંસારરૂપી વિષચક્ર એક મહાન વિષચક્ર છે કે જેમાં આધિ, વ્યાધિ અને ભયમાં મનુષ્યો વારંવાર સપડાય છે. ( ૭ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન આગમ બૃહત્‌કલ્પસૂત્ર અને વસુદેવ હિંડી કથા-ઇતિહાસ સાહિત્ય સંબંધી પૂજ્ય મુનિરાજશ્રી પુણ્યવિજય મહારાજ ઉપર પાશ્ચિમાત્ય વિદ્વાનોએ લખેલા પત્રોનો અનુવાદ.*

## ડૉ. વાલ્ધેર શુબ્રીંગના અંગ્રેજીમાં લખાયેલ પત્રનો અનુવાદ.

હંબુર્ગ: તા. ૧૨ નવેમ્બર. ૫૩

**પ્રિય સુહૃદ,**

આપના પત્રની સાથે બૃહત્કલ્પના છઠ્ઠા ભાગની પહોંચ સ્વીકારતાં હું આપનો હાર્દિક આભાર માનું છું. ભાષ્ય અને ટીકાને આટલી પૂર્ણ રીતે સંપાદિત તેમજ શબ્દસૂચીઓથી યુક્ત કરવાનું મહાન કાર્ય પાર પાડવા બદલ હું આપને અભિનંદન આપવા ચાહું છું. સંભવ છે કે આ છ ભાગો પછી કોઇક દિવસ કલ્પચૂર્ણી પ્રગટ કરવામાં આવે. આપે અને સ્વર્ગસ્થ મુનિશ્રી ચતુરવિજયજીએ કર્યાં છે એવાં સંપાદનો, અત્યાર લગી કેટલેક અંશે ઉપેક્ષિત એવા જૈન સાહિત્યના ક્ષેત્રના અભ્યાસને નવી પ્રેરણા આપશે. સદ્‌ભાગ્યે થોડા સમય પહેલાં ત્રણ ચૂર્ણીઓ છપાઇ છે; અને એમાંની એકના આધારે અત્યારે અમે દશવૈકાલિક-નિર્યુક્તિનું અધ્યયન કરી રહ્યા છીએ. મારા મિત્ર ડૉ. આલ્સડોર્ફે કદાચ આપને કહ્યું હશે કે-જેસલમેરના ભંડારમાંથી મળી આવેલ બીજી અને વધુ પ્રાચીન ચૂર્ણી મુદ્રિતરૂપે પ્રગટ થાય એની અમે આતુરતાપૂર્વક રાહ જોઇએ છીએ. અત્યારે તો, ડૉ. આલ્સડોર્ફે લીધેલ ( એ ચૂર્ણીના ) ફોટાનું નિરીક્ષણ કરતાં એટલું તો લાગે છે કે છપાયેલ ચૂર્ણી કરતાં આ ચૂર્ણીમાં, બધે સ્થળે નહીં તો પણ ઘણેખરે સ્થળે, શબ્દરચનામાં ફેર છે, અને છતાં તાત્ત્વિક ઉપદેશ બન્નેમાં એક સરખો છે.

મારા જાણવામાં આવ્યું છે કે-હવે અંગવિજ્જા છપાવું શરૂ થવાનું છે. નવી દીલ્હીમાં તાજેતરમાં પ્રાકૃત ટેક્ષ્ટ સોસાયટીએ મને સૂચવેલ એ કાર્યના સંપાદનની પાછળ આપની વિદ્વત્તા અને શક્તિ રહેલી છે, એમ હું માની લઉં તો એમાં હું સાચો ઠરીશ એવી મને આશા છે. ઘણાં વર્ષો પહેલાં એક ભારે રસદાયક કાર્ય તરીકે મારી જાતે મેં અંગવિજ્જાનું કામ હાથ ધરવા પ્રયત્ન કર્યો હતો, પણ કેટલાક કારણોસર મારે મારો પ્રયત્ન પડતો મૂકવો પડ્યો હતો. મેં હમણાં જ સોસાયટીને પત્ર લખ્યો છે; અને કેટલાક સૂચનોવાળો મારો એ પત્ર કદાચ આપને બતાવે ખરા.

જે અહીં ખૂબ સુપરિચિત છે તે આપની અસ્ખલિત સાહિત્ય-પ્રવૃત્તિ માટે મારે આપને મારી શુભેચ્છાઓ જણાવવાની રહે છે. મારી જાત માટે તો ઉપર્યુક્ત અધ્યયનો, નિર્યુક્તિઓ અને ચૂર્ણીઓ સંબંધી એક નિબંધરૂપે પરિણમશે એવી મને ઉમેદ છે; અને બીજા લેખો પણ હું તૈયાર કરી રહ્યો છું. જો કે હું " નિવૃત્ત " છું, મારો સમય મર્યાદિત છે; અને એ બધા કાર્યનું મારે યોગ્ય રીતે વિભાજન કરવાની કોશિશ કરવી જોઇએ.

પ્રિય સુહૃદ, હું છું આપનો સહૃદયી,

**વાલ્ધેર શુબ્રીંગ.**

---

## ડૉ. આલ્સડોર્ફના સંસ્કૃતમાં લખાયેલ પત્રનો અનુવાદ.

હંબુર્ગ; તા. ૬-૧૧-૧૯૫૩

**" अहिंसा परमो धर्मो, जैनं जयति शासनम् "**

પરમપૂજ્ય, પંડિતવર્ય, જૈનાગમપારંગત, શ્રી પુણ્યવિજય મુનિ મહારાજને, ચરણકમળના વંદન-પૂર્વક, સાદર સવિનય જણાવવાનું કે—

આપે અમદાવાદ શહેરથી શ્રાવણી પૂર્ણિમાએ લખેલ પત્ર મળ્યો; કુશળ સમાચારથી મન આનંદિત થયું. અહીં હું પણ કુશળપૂર્વક સ્વાસ્થ્ય અનુભવું છું.

*" જૈન " પત્રમાંથી ઉદ્ધૃત.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મારા સરનામે મોકલેલ બૃહત્કલ્પસૂત્રનો* છઠ્ઠો ભાગ પણ વખતસર મળી ગયો હતો; અને હમણાં જ મેં એ મારા ગુરુ પંડિતવર શ્રી શુબ્રીંગને પહોંચાડ્યો છે. આપનો પત્ર પણ તેમણે જ વાંચ્યો છે, અને ખૂબ ખુશી થયેલા એવા તેઓ પોતે જ આપને પત્ર લખવાના છે.

આપની પ્રવૃત્તિના સંબંધમાં આપે જે જણાવ્યું તેથી ઘણો જ સંતોષ થયો. બધાય પ્રાકૃત સાહિત્યના શોધકો ઉપર તેમજ જૈન ધર્મના અનુયાયીઓ ઉપર આપે બહુ મોટો ઉપકાર કર્યો છે. હું તો ખાસ કરીને દશવૈકાલિક સૂત્રની પ્રાચીન ચૂર્ણી છપાઇને બહાર પડે એની ઉત્સુકતાપૂર્વક રાહ જોઉં છું, કારણ કે શ્રીમાન શુબ્રીંગ મહોદય, હું અને મારો એક વિદ્યાર્થી તાજેતરમાં જ દશવૈકાલિક નિર્યુક્તિના અધ્યયનમાં લાગ્યા છીએ. એના વિવેચન(વ્યાખ્યાન)માં જેસલમેરના કિલ્લામાં મેં લીધેલ પ્રાચીન ચૂર્ણીના ફોટાઓ પણ સારી રીતે ઉપકારક થાય છે; પણ એ ફોટાઓ એ સમયે મને (ફોટા લેવાનો) અભ્યાસ નહીં હોવાને કારણે સારા નથી આવ્યા, અને કંઇક વાંચવા મુશ્કેલ બની જાય છે.

અંગવિજ્જાશાસ્ત્ર સાચે જ ભારે ચમત્કારી હોવા છતાં પ્રાયઃ દુર્ગમ છે. એની એક હસ્તલિખિત પ્રતિ મેં બર્લિન(જર્મની)માં પહેલાં જ જોઇ હતી. એ છપાય એ તો ઇચ્છવા જેવું જ છે.

જેસલમેર ભંડારની સૂચીનું પ્રકાશન થાય એ પણ હું આતુરતાપૂર્વક ઇચ્છું છું. ખંભાતના શ્રી શાંતિનાથ ભંડારના તાડપત્રના ગ્રંથોની શ્રી કુમુદસૂરિજીએ ગુજરાતીમાં તૈયાર કરેલી સૂચી મને મળી છે. શું હવે આપે તૈયાર કરેલી નવી સૂચી છપાઇ રહી છે?

બીજું, મેં આપને પહેલાં જ જણાવ્યું હતું કે–મારો એક શિષ્ય પીએચ. ડી. ની પદવી માટે શીલાંકવિરચિત ચઉપ્પણ્ણમહાપુરિસચરિય સંબંધી મહાનિબંધ લખી રહ્યો છે, જે નિબંધ હમણાં જ પૂરો થયો છે, અને થોડાં જ અઠવાડિયામાં મારો શિષ્ય (જેનું નામ બ્રુન છે) પીએચ. ડી. માટેની પરીક્ષા આપશે. એના ઉત્તમ નિબંધને છપાવવા માટે હું પ્રયત્ન કરીશ, પરંતુ આ દેશમાં છાપકામ બહુ મોંઘું અને પૈસા દુર્લભ હોવાથી આ કામ બહુ મુશ્કેલ છે.

મેં ભારતવર્ષનું નિરૂપણ કરતું ભૂગોળવિદ્યાને લગતું પુસ્તક તૈયાર કર્યું છે જે અત્યારે પ્રેસમાં છે. એનું છાપકામ થોડાક મહિનામાં શરૂ થશે એવી મને ઉમેદ છે.

બીજું, મારા ગુરુ સ્વર્ગસ્થ ડો. લ્યુડર્સ, જેઓ બર્લિન વિશ્વ વિદ્યાલયમાં સુપ્રસિદ્ધ સંસ્કૃતના અધ્યાપક હતા, તેમણે વેદ સાહિત્યને લગતો એક ખૂબ લાંબો નિબંધ તૈયાર કર્યો હતો, જે એમના અવસાન સમયે લગભગ પૂરો થયેલો હતો, તેને પૂરો કરવા, તૈયાર કરવા અને પ્રગટ કરવા હું ગુરુને આપેલ વચનથી બંધાયેલો છું. લડાઇ દરમ્યાન એ હસ્તલિખિત ગ્રંથ ફાટી જવાને કારણે એ કામ ભારે મુશ્કેલ અને બહુ લાંબું થઇ ગયું છે. એનો પહેલો ભાગ બે વર્ષ પહેલાં મેં પ્રગટ કર્યો છે. બીજો ભાગ તૈયાર કરવાનું કામ મેં હમણાં જ હાથ ધર્યું છે. એ પૂરું થયા બાદ ફરી પાછો હું જૈન આગમોના અધ્યયનમાં લાગી જઇશ. બૃહત્કથાની સાથેના વસુદેવહિંડીના સંબંધની શોધખોળ કરવાની મારી ઇચ્છા છે.

આપને બધાં કાર્યોમાં સરળતા અને ધર્મના પસાયે હમેશાં કુશળ અને શરીરી સ્વાસ્થ્ય મળે એમ ઇચ્છતો.

—આપના ચરણકમળનું વંદન કરતો

**એલ. આલ્સડોર્ફ.**

* આ ગ્રંથો મૂળ ગ્રંથો અને બીજા ગ્રંથનો અનુવાદ આ સભાએ છપાવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર–સમાલોચના

## "કલ્યાણ ભાવના" (દ્વાત્રિંશિકા)

ન્યાયતીર્થ, ન્યાયવિશારદ પૂજ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી વિરચિત આ કલ્યાણ ભાવના–૩૨ સંસ્કૃત શ્લોકો અને તેના હિંદી અનુવાદ સાથે અમોને ભેટ મળી છે જેમાં બાર ભાવનાનું સ્વરૂપ સંક્ષિપ્તમાં વિદ્વત્તાપૂર્ણ રીતે બતાવવામાં આવ્યું છે. પૂજ્ય મુનિરાજશ્રીની કોઈ પણ કૃતિ પછી તે લઘુ પુસ્તિકા કે મ્હોટા પુસ્તક તરીકે રચાયેલા હોય તેમાં અનુભવ અને જ્ઞાનનો પરિપાક અસાધારણ રીતે જણાય છે. ગુજરાતી અનુવાદ તરીકે પ્રકાશન થવાની જરૂરીઆત છે.

## પ્રભુમહિમા સ્તવ.

સંપાદકો, પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ સુશિષ્યો પં. શ્રી પ્રવીણ-વિજયજી મ૦ તથા મુનિરાજ શ્રી સુશીલવિજયજીમહારાજ. પ્રભુભક્તિ માટે આ લઘુ પુસ્તિકામાં ચૈત્યવંદન, ગુરુવંદન, સામાયકની વિધિ, સ્તવનો, સજ્ઝાયો, ગુંહલીઓ, નવકાર મંત્રનો મહિમા વગેરે ઉપયોગી ૧૪ વિષયોનો સમાવેશ કરેલો છે જે શાસ્ત્રી ટાઇપમાં પ્રકટ થયેલો. સુંદર કાગળ ટાઇપ, બાઈ-ડીંગમાં છપાયેલી છે. સહાયક શેઠ ગોકળદાસ મહોકમદાસના સુપુત્રો મું. મંચર જીલા પુનાથી ભેટ મળે છે.

# ખેદકારક નોંધ

## ૧. શ્રીયુત કાંતિલાલ રતનચંદ મહેતાનું દુઃખદ અવસાન.

શ્રી કાન્તિલાલ રતનચંદ મહેતા. સં. ૨૦૦૯ ના ભાદરવા સુદી ૧૨ ના રોજ કલકત્તામાં માત્ર એ જ દિવસની માંદગીમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓશ્રીનો જન્મ ૧૯૬૮ ના જેઠ સુદી ૧૫ ના રોજ થયેલો હતો. ઇંગ્રેજી છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ પાટણ અને કલકત્તામાં કરી, પછી ઝવેરાતનું બીઝનેસ કલકત્તામાં પોતાના બંધુ શ્રીયુત મણિલાલભાઈ સાથે શરૂ કર્યું હતું. દેવગુરુધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા હતી. જૈન ધર્મના સંસ્કાર વારસામાંથી મળ્યા હતા. સ્નેહીઓ સંબંધીઓના પૂર્ણ પ્રેમપાત્ર હતા. આ સભાના કેટલાક વખતથી તેઓ લાઇફ મેમ્બર હતા, સભા ઉપર પ્રેમ ધરાવતા હતા, તેઓના સ્વર્ગવાસથી એક ધર્મવીર પુરુષની ખોટ પડી છે, તેમના કુટુંબને દિલાસો દેવા સાથે તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

## ૨. શ્રીયુત શાંતિલાલ ગંભીરદાસનું થયેલું દુઃખદ અવસાન.

વળાનિવાસી ભાઇ શાંતિલાલ ગોહિલવાડ જિલ્લાના ઇજનેરનો તા. ૧૬–૧૨–૫૩ ના રોજ સ્વર્ગવાસ થયો છે. ઇજનેરી પરીક્ષા પસાર કર્યા પછી ભાવનગર રાજ્યમાં પ્રથમ અને પછી ધીમે ધીમે ગોહિલવાડ વિભાગના ઇજનેરનો માનભર્યો હોદ્દો તેઓ મેળવી શકયા હતા. તેઓ જીવનમાં સાદા, મિલનસાર, સેવાભાવી, નમ્ર તથા દયાળુ હતા. હાથ નીચેના નોકરો પ્રત્યે તેઓ માયાળુ હતા. બાંધકામખાતાના તેઓ એક સાચા સલાહકાર હોવાથી ઇજનેર ખાતાના એક સારા અનુભવી અને પ્રમાણિક અધિકારીની ખોટ પડી છે. તેઓશ્રી સભાના માનવંતા લાઇફ મેમ્બર હોઇ સભા પ્રત્યે પ્રેમ ધરાવતા હતા. તેઓના સ્વર્ગવાસથી એક સારા સભ્યની સભાને ખોટ પડી છે. તેઓના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ એમ પરમાત્માની પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ ॥ श्रेयस्कर-विघ्नहर-श्रीशंखेश्वरपार्श्वनाथजिनेन्द्राय नमः ॥

॥ श्रीमद् आचार्यदेव-श्रीविजयानंदसूरीश्वरजीपादपद्मेभ्यो नमः ॥

# શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરનો

## ૫૭ મા વર્ષનો

# રિપોર્ટ.

( સંવત ૨૦૦૯ ના કાર્તિક શુદિ ૧ થી આસો વદિ ૦)) સુધી )

## મુખ્ય સેક્રેટરીનું નિવેદન*

**માન્યવર પ્રમુખ મહાશય અને પ્રિય સભાસદ બંધુઓ—**

પરમ આરાધનીય દેવ, ગુરુ અને ધર્મ-એ રત્નત્રયીની ભક્તિ કરતી, તેઓની પરમકૃપાથી પ્રગતિ સાધતી તેમજ દિવસાનુદિવસ પ્રતિષ્ઠા અને ગૌરવમાં અભિવૃદ્ધિ કરતી આપણી સભાનો સત્તાવનમા વર્ષનો, આવક-જાવક, કાર્યવાહી તેમજ સરવૈયું વિગેરેનો રિપોર્ટ રજૂ કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે.

સર્વ સભાસદ બંધુઓ તેમજ જૈનસમાજના વિચારશીલ બંધુઓ આ વાંચી, આ સભાદ્વારા કાર્યવાહકોની આત્મકલ્યાણની આ પ્રશસ્ત પ્રવૃત્તિમાં જોડાય, અને ત્રિરત્નોની ભક્તિમાંથી જે જે અનુકરણીય અને હિતકર જણાય તે ગ્રહણ કરે તેમ ઇચ્છીએ છીએ. કેટલીક સંસ્થાઓએ અમારી વહીવટી-પદ્ધતિની પ્રશંસા કરી તદનુરૂપ ફેરફાર કર્યા છે, તેવી હકીકત જાણીને અમોને આનંદ થયો છે અને તેવી કોઇ પણ સંસ્થા કે મંડળ પોતાની પ્રતિષ્ઠામાં વધારો કરી સ્થિતિસ્થાપક બને તો અમે અમારી જ્ઞાન અને ગુરુભક્તિ માટેનો હેતુ સફળ થયો માનીશું.

કોઇપણ સંસ્થાએ સમાજમાં વિશ્વસનીય થવું હોય તો દર વર્ષે કે બે ત્રણ વર્ષે પોતાની કાર્યવાહીનો રિપોર્ટ પ્રગટ કરવો જ જોઇએ.

આગલા વર્ષોની કાર્યવાહીથી આપ તે તે વર્ષોના રિપોર્ટથી વાકેફ છો. પ્રસ્તુત વર્ષની કાર્યવાહી અને આવતા વર્ષનું બજેટ આપ સમક્ષ રજૂ કરવામાં આવે છે, જેથી આપને ખાત્રી થશે કે આપ સૌના સહકારથી અને ગુરુદેવની અસીમ કૃપાથી સભા ઉત્તરોત્તર વિકાસ સાધતી જાય છે.

---

* સં. ૨૦૧૦ ના માગશર શુદ ૭, તા. ૧૩-૧૨-૧૯૫૩ રવિવારના રોજ મળેલ જનરલ મિટીંગમાં આ નિવેદન રજૂ કરવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અત્રે રજૂ થતાં રિપોર્ટમાં જે કંઈ સુધારોવધારો સૂચવવો હોય તે આપશ્રી સૂચવશો અને થતી ભક્તિના કાર્યમાં અમો હંમેશ પ્રગતિ કરતા જઈએ એવી અમારી અભિલાષામાં આપ સર્વ સહકાર આપશો. આ સંસ્થા જૈન સમાજની છે એટલે અન્ય કોઈ પણ જૈનબંધુ અમારો આ રિપોર્ટ વાંચી જે કાંઇ સલાહ-સૂચના આપશે તે પરત્વે સભા અવશ્ય વિચારણા કરી યોગ્ય હશે તે સ્વીકારશે.

આ સભા હરહંમેશ પ્રગતિ ને વિકાસ સાધતી જાય છે તેનું મુખ્ય કારણ ગુરુકૃપા જ અમે માનીએ છીએ. અન્ય સર્વ કાર્યવાહકોની આત્મકલ્યાણકારી ભાવનાથી, પૂજ્ય ગુરુદેવો અને ગૃહસ્થ બંધુઓનો સાથ અમને વિશેષ ને વિશેષ પ્રમાણમાં યોગ્ય રીતે મળતો રહે છે.

અમારા ઘણા કાર્યોમાં, પુસ્તક-પ્રકાશન સંબંધમાં પણ પૂજ્ય ગુરુદેવોની સલાહ-સૂચના લેવામાં આવે છે. લોકાપવાદનો પણ વિચાર કરી સભાની લેવડદેવડ, પ્રમાણિકતાથી અને યોગ્ય રીતે ચલાવવામાં આવે છે. ધાર્મિક ફરમાનને અનુસરીને વહીવટ ચાલતો હોવાથી સૌ કોઇને માટે આ સભા પ્રશંસાપાત્ર બની હોય તો ગુરુકૃપાને આભારી છે. ભવિષ્યમાં પણ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધી અનુપમ સ્થાન પ્રાપ્ત કરે તેવી અમારી પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

---

**સ્થાપના**—આ સભાની સ્થાપના વિ. સં. ૧૯૫૨ ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ પ્રાતઃ સ્મરણીય **શ્રી વિજયાનંદસૂરીશ્વરજી** ( શ્રી આત્મારામજી ) મહારાજના પુણ્ય-નામાભિધાનથી ગુરુ-ભક્તિ નિમિત્તે, તેમના સ્વર્ગવાસ પછી માત્ર પચીશમે દિવસે મંગળ મુહૂર્તે કરવામાં આવેલ છે. આજે સંસ્થા ૫૭ વર્ષ પરિપૂર્ણ કરી **અઠ્ઠાવનમા** વર્ષમાં પ્રવેશ કરે છે, તે ગુરુકૃપાનું જ ફળ છે. સ્વર્ગસ્થ ગુરુદેવના આશીર્વાદ આ સભા પરત્વે હમેશા વર્ષ્યા જ કરે છે.

---

